\

જા..નં. ક-૪/પ્લાન/૨૦૨૬/ 4062
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવન સામે,
કારેલીબાગ, વડોદરા
તા. 29/04/2026

પ્રતિ,
આચાર્યશ્રી ,
સરકારી, ગ્રાન્ટેડ, તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ (તમામ)

વિષય:- વરસાદી પાણીના સંચય અને ભૂગર્ભ સિસ્ટમ સ્થાપી શકાય તેવી શાળાઓની માહિતી મોકલવા બાબત...

સંદર્ભ:- કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:COS/0305/04/2026 તા.17/04/2026

ઉપરોક્ત વિષય અન્વયે ભારત સરકારના "જળ સંચય જળ ભાગીદારી-2.0" અભિયાન અંતર્ગત તા.31/05/2026 સુધીમાં એક કરોડ વરસાદી પાણી સંચય અને પાણી સંરક્ષણના માળખા ઊભા કરવાના ઉદ્દેશ્યથી સંદર્ભ પત્ર દ્વારા અત્રેના તાબા હેઠળની તમામ સરકારી, ગ્રાન્ટેડ, તથા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને તેમની શાળાઓમાં વરસાદી પાણીના સંગ્રહ માટે ભૂગર્ભ સિસ્ટમ સ્થાપિત કરી શકાય તેની માહિતી અત્રેની કચેરીને સત્વરે મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

<u>નકલ રવાના:-</u>

SVS-૧ થી ૭ ના શિ.નિ./મ.શિ.નિ. તરફ ભૂગર્ભ સિસ્ટમની સુવિધા થઈ શકે તેવી શાળાઓની વિગતો એકત્રિત કરી અત્રેની શાખામાં જમા કરાવવા સારું.

કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
પુનીત વનની સામે, સેક્ટર-૧૯,
ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ

વિષય:- Action Plan for Jal Sanchay Jan Bhagidari-2.0 – Reg.

સંદર્ભ: શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: ED/MSM/e-file/3/2026/1939/V-2,ED/1033/03/2026 Approved Date: 25-03-2026

ઉપર્યુક્ત વિષય પરત્વે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રના બિડાણમાં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના તા. ૧૩/૦૨/૨૦૨૬નો પત્ર સામેલ રાખી જણાવવાનું કે, "જળ સંચય જન ભાગીદારી" ભારત સરકારના જળ શક્તિ મંત્રાલયના જળ સંસાધન વિભાગ દ્વારા શરૂ કરાયેલ અભિયાન છે, જેના માધ્યમથી સરકાર તથા સમાજના સહયોગથી વિશાળ પાયે વરસાદી પાણીના સંચય અને પાણી સંરક્ષણને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય છે.

આ પહેલ હેઠળ દેશભરમાં તા. ૩૧/૦૫/૨૦૨૬ સુધીમાં એક કરોડ વરસાદી પાણી સંચય અને પાણી સંરક્ષણના માળખાં ઉભાં કરવાનો ઉદ્દેશ્ય છે, જેમાં રાજ્ય, જિલ્લા, શહેરી સ્થાનિક સંસ્થાઓ, પંચાયતી રાજ સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ તથા નાગરિકોનો સક્રિય સહભાગ રહેશે.

ગુજરાત રાજ્યએ "જળ સંચય જન ભાગીદારી - 1.0" હેઠળ ૧,૩૩,૫૨૧ માળખાં પૂર્ણ કર્યા છે, જ્યારે હાલ ચાલી રહેલા "જળ સંચય જન ભાગીદારી - 2.0" અભિયાન હેઠળ ૮૫,૭૨૫ માળખાં પૂર્ણ થયા છે, અને દેશવ્યાપી ક્રમે ગુજરાત રાજ્ય ચોથા સ્થાને છે.

આ અભિયાનમાં શિક્ષણ વિભાગની મહત્વપૂર્ણ ભૂમિકા છે, કારણ કે શાળાઓ અને કોલેજોની વિશાળ સંખ્યામાં ઇમારતોમાં છત પર વરસાદી પાણીના સંચય અને ભૂગર્ભ જળ રિચાર્જ સિસ્ટમ સ્થાપિત કરી શકાય છે.

આ ઉપરાંત, માનનીય મુખ્યમંત્રીશ્રી તથા ભારત સરકારના માનનીય જળ શકિત મંત્રીશ્રીએ તા. ૦૩/૦૨/૨૦૨૬ના રોજ વિડીયો કોન્ફરન્સ દ્વારા તમામ જિલ્લા કલેક્ટરો સાથે આ અભિયાનની સમીક્ષા કરી છે. મળેલ સૂચનાઓ અનુસાર તા. ૩૧/૦૫/૨૦૨૬ સુધી પૂર્ણ કરી શકાય તેવા કાર્યો માટે એક્શન પ્લાન તૈયાર કરવા શિક્ષણ વિભાગે જણાવેલ છે.

આમ, ઉક્ત તમામ બાબતો ધ્યાને આપના તાબા હેઠળની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઉક્ત જણાવ્યા મુજબ વરસાદી પાણીના સંચય અને ભૂગર્ભ સિસ્ટમ સ્થાપિત કરી શકાય તેવી શાળાઓની વિગતો સત્વરે મોકલી આપવા જણાવવામાં આવે છે.

(E-Sign)
નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 1464
તારીખ 20/4/26
સહી
કચેરીની સહી

Signature Not Verified
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date:2026.04.17 11:30:47 +5:30

File No: COS/A/e-file/276/2026/1335/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
Open the document in Adobe Acrobat DC to verify the E-sign